ડિસેમ્બર ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## સૂપીરિયારિટી અને ઈન્ફીરિયારિટી કોમ્પલેક્સ



બાળમિત્રો,

# સંપાદકીય,

કોમ્પલેક્સિટી એટલે ગ્રંથિ. આ ગ્રંથિ મનુષ્યના સ્વભાવમાં વણાયેલી હોય છે. બે પ્રકારની કોમ્પલેક્સિટી હોય છે. સૂપીરિયર કોમ્પલેક્સિટી અને ઈન્ફિરિયર કોમ્પલેક્સિટી. આ શબ્દોથી તમે કોઈ અજાણ તો નહીં જ હો. પણ આ કોમ્પલેક્સિટી સ્વભાવમાં વણાઈને કેવી રીતે કામ કરે છે, એનાથી ચોક્કસ તમે અજાણ હશો.

તો આવો, આની રસપ્રદ વાતો આ અંકમાં વાંચીએ. આપણી કોમ્પલેક્સિટીને ઓળખીએ. અને બંને કોમ્પલેક્સિટીમાંથી નોર્માલિટી તરફ આવવાનો પ્રયાસ કરીએ.

MERRY CHRISTMAS

-ડિમ્પલ મહેતા

# સૂપીરિયારિટી અને ઈન્ફીરિયારિટી કોમ્પલેક્સ

## જ્ઞાનીઓ કહે છે...

નીરુમા : સૂપીરિયારિટી અને ઈન્ફીરિયારિટી કોમ્પલેક્સ આ બે કોમ્પલેક્સિટી એટલે કે ગ્રંથિ છે. આ બંને કોમ્પલેક્સિટીએ વ્યક્તિને ગૂંચવાડામાં રાખ્યા કરે. એને મહીં કળ ના વળવા દે. શાંતિ ના રહેવા દે. બંને કોમ્પલેક્સિટી કોઈક ને કોઈક ટાઈપનો ભોગવટો આપે જ છે.

પ્રશ્નકર્તા : બહાર કોઈની સામે કંઈ બોલાતું નથી. ત્યાં ઈન્ફિરિયર લાગે છે. પણ ઘરમાં બધાની સાથે બહુ દાદાગીરી થાય છે.

નીરુમા : બહાર અપમાનનો ડર લાગે છે. સારા દેખાવું છે. ઘરમાં તો એવી ચિંતા હોય નહીં. બહાર સારા દેખાવા માટે પ્રકૃતિ દાબીને રહે. અને બહાર દાબીને રહે એટલે ઘરમાં વધારે ઉછળે. કોઈને આપણાથી દુઃખ થાય એ તો ખોટું જ છે ને.


અક્રમ એક્સપ્રેસ

તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૦, અંક : ૪
સળંગ અંક : ૧૧૨
ડિસેમ્બર ૨૦૧૭



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



પ્રશ્નકર્તા : મારે એવું થાય છે કે મારો ફ્રેન્ડ સૂપીરિયર અને હું ઈન્ફિરિયર. એટલે એ બૂમાબૂમ કરે. મારું મગજ બંધ જ થઈ જાય. જેટલી સૂઝ પડતી હોય એ પણ બંધ થઈ જાય. એટલે આમાંથી બહાર નથી નીકળાતું.

પૂજ્યશ્રી : આપણે એનો જે પોઈન્ટ ઓફ વ્યૂ હોય એ સમજવો. કારણકે એ દસ વાક્યો બોલે, એમાંથી બે જ કહેવા માંગતો હોય કે "તું ટાઈમે પહોંચી જજે." પણ આગળ પાછળ લાંબુ બોલે કે, ગયા વખતે પણ મોડો જ આવ્યો હતો, તારા કારણે અમને પણ મોડું થયું હતું, ત્યાં સુધીમાં બધી ગેમ રમાઈ ગઈ હતી, તારા કારણે બધાની મજા મરી ગઈ.

હવે તું જલદી આવજે એટલું જ આપણે એમાંથી સમજી લેવાનું. બાકી બધું મન પર નહીં લેવાનું. અને આપણે જલદી પહોંચવાનો પ્રયત્ન કરવાનો. આમ ધીમે ધીમે તમારી શક્તિ આવી જશે ઉપર.


Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ

પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



બે ફ્રેન્ડસ
સૂપીરિયારીટીવાળા
ભેગા થાય તો કોઈ
કોઈનું સાંભળે નહીં
ને વાતે વાતે ઝઘડા
જ થયા કરે.

# આ તો નવી

બે ફ્રેન્ડસમાં એક
સૂપીરિયર અને એક
ઈન્ફિરિયીર હોય તો
ફ્રેન્ડશીપ સારી રીતે
ટકી રહે કારણકે,
ઈન્ફિરિયરવાળો
સૂપીરિયરવાળાનું બધું
જ માન્યા કરે.




સૂપીરિયરવાળો
વસ્તુનું નુકસાન થયું
હોય તો ચલાવી લે
પણ અહંકારની ખોટ
એટલે કે કોઈએ
એનું અપમાન કર્યું
હોય તો ન ચલાવી લે.
જ વાત !
સૂપીરિયર અને
ઈન્ફિરિયર બંનેમાંથી
કોઈ મુક્તતા ન
અનુભવે. નોર્મલવાળો
મુક્તતા અનુભવે.

# ટોચ પર એકલતા

એક રૂપાળી રાજકુમારી હતી. નામ હતું એનું રાજકુમારી માનિની. રૂપ સાથે ચાતુર્યમાં પણ એ અજોડ હતી. રાજાએ પોતાની આ લાડકી દીકરીને એક રાજકુમારની જેમ બધીજ અસ્ત્ર-શસ્ત્ર વિદ્યાનું શિક્ષણ અપાવ્યું. રાજકુમારી માનિની નાનપણથી જ ખૂબ ચપળ હતી. એટલે કિશોરાવસ્થાએ પહોંચતાં, તો એ બધી વિદ્યાઓમાં પારંગત થઈ ગઈ.

તકલીફ એક જ વાતની હતી કે રાજકુમારી માનિની હતી ભારે અભિમાની. તે સહુને પોતા કરતાં નીચા જુએ. બસ, આ એક જ કારણે આટલી કુશાગ્ર અને લાયક હોવા છતાં પ્રજાને અંદરખાને એમની રાજકુમારી માટે ગર્વના બદલે અણગમો હતો.


પ્રજાને રાજા-રાણી પર ભારોભાર પ્રેમ હતો. પણ આવા દેવ જેવા રાજા-રાણીને કોણ કહે કે એમની દીકરી તુમાખીવાળી છે.

એકવાર રાજા અને મંત્રી વેશ બદલીને રાજ્યનો હાલ જાણવા નગરમાં નીકળ્યા. અચાનક, લોકો પોતાના ઘરો તરફ ભાગવા લાગ્યા. રસ્તા પર ચાલતા રાહદારીઓ, જ્યાં આશરો મળ્યો, ત્યાં છૂપાઈ ગયા. આ જોઈને રાજાને આશ્ચર્ય થયું, "આ શું થયું ? લોકોમાં આટલો બધો ડર કેમ વ્યાપી ગયો ?"

મંત્રીએ એક જુવાનને કારણ પૂછ્યું તો એણે જવાબ આપ્યો, "તમે પણ ક્યાંક છૂપાઈ જાઓ. સાંભળ્યું નહીં, રાજકુમારી માનિની લટાર મારવા નીકળ્યા છે."

રાજાએ કહ્યું, "પણ એમને માટે માર્ગ તો પૂરતો ખુલ્લો છે."

ઠંડીની મોસમમાં પણ પેલા જુવાનને પરસેવો વળી ગયો હતો. "અરે ! ભૂલેચૂક રાજકુમારીની નજરમાં ચડી જઈએ અને એ કાંઈ પૂછી નાખે તો આપણો તો બેઉ બાજુથી મરો થાય. ના જીતાય તો, બરાબરની ફજેતી કરે અને જો નસીબજોગે જીતી જવાય તો , રાજકુમારીના ગુસ્સાનો ભોગ બનવું પડે. વગર



કામની સ્પર્ધા યોજાય અને એ ત્યારે જ અટકે કે જ્યારે, છેવટે રાજકુમારી જીતે." આ સાંભળીને રાજાનું મોઢું પડી ગયું.

એટલામાં તો ઘોડાના દાબડાં સંભળાયા. પવનવેગે પસાર થતા ઘોડાની લગામ અચાનક ખેંચાઈ અને હણહણાટી સાથે ઘોડો ઊભો રહી ગયો. ઘોડા પર સવાર રાજકુમારીએ પાછળ વળીને જોયું, "ક્યાં છો તમે બંને ? આટલા વખતથી મારી સાથે રહીને પણ ઝડપી ઘોડેસવારી ના આવડી." પાછળથી બે સખીઓ હાંફતી આવી, "તમે તો શ્રેષ્ઠ છો. તમારા જેવું અમને ક્યાંથી આવડે ?"

રાજકુમારીએ આજુબાજુ નજર ફેરવી અને ઠસ્સાથી આગળ નીકળી ગઈ. લોકો ધીરે ધીરે બહાર નીકળ્યા અને કામે વળગ્યા.

રાજાને લોકોની ગુસપુસ સંભળાઈ, "આ રાજકુમારીને એવા લોકો સાથે જ ફાવે જે એમની જી-હજૂરી કર્યા કરે અને એમની બધી વાત માને."

રાજાએ હતાશાથી મંત્રી સામે જોયું, "હું તો પ્રેમ અને પ્રોત્સાહનથી રાજકુમારીને સમર્થ બનાવવા માંગતો હતો. સ્ત્રી હોવા છતાં એ ક્યાંયે દુનિયામાં પાછી ના પડે. પરંતુ...", બોલતાં એમનો અવાજ ભારે થઈ ગયો. મંત્રીએ રાજાના ખભે હાથ મૂકીને આશ્વાસન આપ્યું, "કંઈક રસ્તો શોધીશું... તમે ચિંતા ના કરો, મહારાજ."

એક દિવસ, રાજકુમારી થોડા સૈનિકો અને એમની ખાસ બે સખીઓ સાથે જંગલમાં શિકાર માટે નીકળી. ટેવ પ્રમાણે સ્પર્ધા કરવામાં તે દિવસે એ ઘણી આગળ નીકળી ગઈ. જ્યારે એને ભાન થયું કે એ ભૂલી પડી ગઈ છે, ત્યારે એણે મદદ માટે ઘણી બૂમો પાડી. પણ સુમસામ જંગલમાં એની મદદ માટે કોઈ નહોતું.

પાછા જવાનો રસ્તો શોધવા માટે તે ખૂબ ભટકી. ભૂખ, તરસ અને થાકથી એના હાલ બેહાલ થઈ ગયા હતા. અત્યારે કશી આવડત કામ લાગી રહી ન હતી. રાત પડી. ત્યાં તો એણે એક નાનકડી ઝૂંપડીમાં ફાનસ સળગતું જોયું. ઝૂંપડીમાં જઈને નજર કરી તો એક વૃદ્ધ શાલ ઓઢીને સૂતા હતા. રાજકુમારી મોટા અવાજે બોલી, "હું ભૂલી પડી ગઈ છું. મને બહુ જ ભૂખ લાગી છે. ખાવાનું છે ?"

પેલા વૃધ્ધે કોઈ જવાબ ન આપ્યો. રાજકુમારીથી એ સહન ના થયું. એ વધુ જોરથી બોલી, "તમને સંભળાતું નથી ? મારે મદદની જરૂર છે. તમે જાણતા નથી કે કોણ તમને બોલાવી રહ્યું છે ?"

વૃદ્ધે તરત જવાબ આપ્યો, "મને ખબર છે કે તમે રાજકુમારી માનિની છો. પણ આ મારી ઝૂંપડી છે. અને આ કોઈ મદદ માંગવાની રીત નથી."

રાજકુમારી ચમકી ગઈ. એની જ ભાષામાં કોઈ એની સાથે વાત કરી રહ્યું હતું, જે કાન ને અપ્રિય લાગ્યું. "મદદ માંગવી હોય તો વિનંતી કરી, અવાજમાં નરમાશ લાવીને માંગશો, તો કંઈક

"કંઈક રસ્તો શોધીશું... તમે ચિંતા ના કરો, મહારાજ."

વિચારીશ. નહીં તો જે રીતે અંદર આવ્યા એ જ રીતે બહાર જતા રહો", વૃદ્ધે કડક અવાજમાં કહ્યું.

વૃદ્ધનું આવું વર્તન રાજકુમારીને વિચિત્ર લાગ્યું. પણ એ ભૂખથી પરવશ હતી. એટલે વિનંતી કરીને કહ્યું, "મહેરબાની કરીને મને મદદ કરો. હું ખૂબ થાકી ગઈ છું. મને ખાવાનું આપશો ?"

વૃદ્ધે એક માટીના તૂટેલા વાસણમાં થોડા ફળ અને કટોરામાં પાણી આપ્યું. રાજકુમારી ધૂંઆપૂંઆ થઈ ગઈ, "શું આ મારે લાયક છે ?" વૃદ્ધે કશું બોલ્યા વગર કટોરો પાછો લઈ લીધો. રાજકુમારી થોડીવાર સુધી જોઈ રહી. પછી જાતે જ લઈને ખાઈ લીધું અને આંખો મીંચીને પાણી પીધું.

રાજકુમારીની બીજી ફરમાઈશ થઈ, "રાત પડી ગઈ છે અને મને બહુ થાક પણ લાગ્યો છે. કાલે

સવારે મહેલ પાછા ફરવાનો રસ્તો શોધીશું. મારે સૂઈ જવું છે. પથારી ક્યાં છે?"

"બહારથી સૂકું ઘાસ લાવી, જ્યાં પાથરીને સૂઈ જવું હોય ત્યાં સૂઈ જાઓ", વૃદ્ધે તતડાવી.

પાછી રાજકુમારી ભડકી, "હું અને જમીન પર ? ઘાસની પથારીમાં ? તમને આવી ઉદ્ધતાઈનું શું પરિણામ આવશે એનો ડર નથી?"

વૃદ્ધે ઠંડા કલેજે જવાબ આપ્યો, "અત્યારે તો તમે તમારી ચિંતા કરો. મેં ઝૂંપડામાં તમને આશ્રય આપ્યો અને ખાવા-પીવાની મદદ કરી, એટલો મારો ઉપકાર માનો." એટલું બોલીને વૃદ્ધ તો નિરાંતે સૂઈ ગયો.

આખરે, રાજકુમારી બહારથી ઘાસ લાવીને, એના પર આડી પડી. ક્યારે આંખ લાગી ગઈ એની એને ખબર પણ ના પડી.

સવાર થઈ. રાજકુમારીની આંખો ખૂલી. એણે આજુબાજુ નજર ફેરવી અને સટાક દઈને બેઠી થઈ ગઈ. આગલી રાતનો આખો પ્રસંગ એને યાદ આવ્યો. વૃદ્ધ પાસે જઈને એણે કહ્યું, "મને નગર તરફ જવાનો રસ્તો બતાવો. અને હા, ગઈકાલે તમે કહ્યું કે તમે જાણો છો કે હું રાજકુમારી માનિની છું. પણ તમે આ શી રીતે જાણ્યું?"

વૃદ્ધે ચિડાઈને કહ્યું, "નગર જવાનો કોઈ અર્થ નથી. ત્યાં તમારી કોઈને જરૂર નથી. તમારે હવે આ જંગલમાં જ બાકીનું જીવન કાઢવાનું છે." રાજકુમારીને હવે શંકા પડી કે આ વૃદ્ધ ગાંડો છે. એ ઊભી થઈને બહાર પોતાના ઘોડા પાસે જવા લાગી.


વૃદ્ધે ઉમેર્યું, "મેં કાલે આ તરફથી થોડા સિપાહીઓ અને બે યુવતીઓને જતા જોયા હતા. એમની વાતો પણ સાંભળી હતી."

આ સાંભળીને રાજકુમારી અટકી ગઈ, "હા, એ તો મારી ખાસ બે સખીઓ અને મારા પિતાજીના સિપાહીઓ હતા." રાજકુમારીની આંખમાં ચમક આવી, "કઈ બાજુ ગયા એ લોકો ? તેઓ મને હજુ શોધતા હશે."

વૃદ્ધ જોરજોરથી ખડખડાટ હસ્યો, "શોધતા હશે ? અરે ! એ તો તમને અહીં છોડવા જ આવ્યા હતા", રાજકુમારીનો પિત્તો હવે ગયો. એણે તલવાર મ્યાનમાંથી કાઢી અને બોલી, "ગાંડપણને લીધે જીવ ખોશો."

વૃદ્ધે કટાક્ષ કરીને કહ્યું, "તમે તો વધારે પડતા શાણપણ ના લીધે જીવનમાં બધું જ ખોયું." રાજકુમારીએ તીખા સ્વરે પૂછ્યું, " એનો શું મતલબ છે?"

વૃદ્ધે વિસ્તારથી આખી વાત કહી, "મેં સિપાહીઓની વાતો સાંભળી હતી. સિપાહીઓ વાત કરી રહ્યા હતા કે, આવા લોકપ્રિય રાજા-રાણીના



રાજકુમારી પ્રજામાં કેવી અપ્રિય. ભલું થયું કે આવી માથાભારે રાજકુમારીનો પીછો છૂટ્યો. તમારી સખીઓ પણ ખુશ હતી કે આખરે એમને તમારી દાદાગીરી અને તમારા થકી થતા અપમાનમાંથી છૂટકારો મળ્યો.''

રાજકુમારીના હાથમાંથી તલવાર છટકી ગઈ, ''આ વાત સાચી ના હોઈ શકે.''

વૃદ્ધે પૂછ્યું, ''તો મને આ બધી વાતની કેવી રીતે ખબર પડે?'' રાજકુમારીના આંખે અંધારા આવી ગયા અને એ જમીન પર બેસી ગઈ.

થોડી ક્ષણો બાદ એને સ્વસ્થતા આવી. નજર સામે એ બધાજ ચહેરાઓ તરી આવ્યા, જેમનું અપમાન કરીને ઉતારી પાડતા એ ક્ષણવાર પણ અચકાઈ નહોતી. સહુને પોતાના પ્રત્યે અત્યંત અણગમો છે, એ જાણીને એને બેહદ વેદના થઈ. આંખોમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. વૃદ્ધે ફાટેલી શાલ અને મોઢા ઉપરથી દાઢી ઉતારીને ફેંકીને રાજકુમારીના માથે હાથ ફેરવ્યો.

''પિતાજી, તમે ?'', રાજકુમારીએ ડૂસકું ભર્યું.

''હા બેટા ! પ્રજામાં તારી અપ્રિયતા જોઈને મારે આ બધું નાટક કરવું પડ્યું. પણ, આમ કરવાથી તારી આંખો ઊઘડી એનો મને આનંદ છે.''

રાજકુમારી પિતાને વળગી પડી, ''મને સમજાઈ ગયું છે, પિતાજી. ટોચ પર એકલા રહેવા કરતાં પોતાના લોકો સાથે તળિયે રહેવું સારું.''

''દીકરી, તારી હોંશિયારી પર મને ખૂબ ગર્વ છે. પણ એને લોકોના કામે લગાડો, લોકોને નીચું દેખાડવામાં નહીં, તો લોકોનો પ્રેમ સંપાદન થશે. સ્પર્ધા જીતીને જો લોકોને હારી જઈએ તો એ આવડત શા કામની?'' પિતાજીએ પ્રેમથી રાજકુમારીને માથે હાથ રાખીને કહ્યું.

ત્યારબાદ રાજકુમારીએ પોતાની આવડત અને કુશળતા લોકસેવામાં લગાડી અને એની લોકપ્રિયતા આકાશને આંબી ગઈ. ખાધું, પીધું ને રાજ કર્યું.

**"સ્પર્ધા જીતીને જો લોકોને હારી જઈએ તો એ આવડત શા કામની ?"**



# પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૦ મો જન્મજયંતિ મહોત્સવ ઉજવાયેલ, તેમાં બાળકોએ કરેલ કલ્ચરલ શો અને...




























# ચિલ્ડ્રન પાર્કની ઝલક










# જાત પર વિશ્વાસ


ક્લાસનો પહેલો દિવસ હતો
તમે આ વર્ષે શું કરશો એ ખબર નથી, રાઈટ ? મને પણ કશી જ ખબર નથી.
હા...હા...હા...હા
અમારો તો પહેલો દિવસ છે એટલે ખબર નથી, સર.
ડોન્ટ વેરી. મારો પણ પહેલો જ દિવસ છે.
ફરી ક્લાસમાં હાસ્ય ફેલાઈ ગયું.
તે જ વખતે લોબીમાંથી પ્રિન્સિપાલ અને એક બીજા ટીચર પસાર થયા.
મિસ્ટર બોઝ ભણાવવાના બદલે છોકરાઓ સાથે મસ્તી કરે છે.
એ જ તો એમની ખાસિયત છે. એ છોકરાઓને એમની ભાષામાં એવી રીતે શીખવાડી દે કે એમને ખબર પણ ના પડે કે એ શીખી રહ્યા છે.
ઓ.કે... ચાલો, તમને એક તમારા જેટલા નાના છોકરાની વાત કહું. એ છોકરાંને વાંચવા-લખવામાં ખૂબ તકલીફ પડતી. અક્ષરો એને સમજાય નહીં. ક્લાસમાં ભણવામાં સહુથી પાછળ...જાણો છો એ કોણ હતો ?
સહુ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. છેલ્લે ખૂણામાં બેઠેલો અંશ ચમકી ગયો... અને નીચું જ જોઈ રહ્યો.
આ સરને ખબર છે ?



ટીચરે એક મોટો ફોટો ઊંચો કર્યો.
ઓહ, આલ્બર્ટ આઈન્સ્ટાઈન..
હા.
અંશને 'હાશ' સાથે આશ્ચર્ય થયું. એક સેકન્ડ માટે ટીચરની અને અંશની આંખ મળી...
તમને ખબર છે આ લાઈટ બલ્બની શોધખોળ કોણે કરી ?
થોમસ આલ્વા એડિસન
ખબર છે એક દિવસ થોમસના ટીચરે થોમસને એક ચિઠ્ઠી તેના મમ્મીને આપવા કહ્યું.
મમ્મી, ટીચરે ચિઠ્ઠીમાં શું લખ્યું છે ?
તમારો પુત્ર અસાધારણ પ્રતિભાવાળો છે અને અમારી શાળા એના માટે ખૂબ જ નાની છે, અમારા ટીચર્સ એના માટે પૂરતા વિદ્વાન નથી, માટે તમે એને જાતે જ ભણાવશો.


દોસ્તો, થોડા વર્ષો બાદ, એમની મમ્મીના મૃત્યુ પછી, ઘરની જૂની વસ્તુઓ વચ્ચે એ ચિઠ્ઠી થોમસને મળી. ચિઠ્ઠીમાં લખ્યું હતું. તમારો પુત્ર મંદબુદ્ધિ છે. એને હવે શાળામાં આવવા નહીં દેવાય.
આખો ક્લાસ સ્તબ્ધ અને ભાવુક થઈ ગયો.
આમના જેવી, બીજી પણ ઘણી વ્યક્તિઓ છે. જેમકે, હેલન કેલર, વોલ્ટ ડિઝની, સ્ટીફન હૉકિંગ. જાણો છો, આ બધી વ્યકિતઓમાં કોમન વસ્તુ શું હતી ?
આ બધામાં કંઈક એવી ખામીઓ હતી જેથી લોકોએ એમને ઓછા લાયક ગણ્યા હતા. પણ જો આના કારણે તેઓ ઈન્ફિરિયારિટી કોમ્પલેક્સમાં ગરકીને નાસીપાસ થઈ ગયા હોત તો જગત એમના યોગદાનથી વંચિત રહી જાત.
જેમ એ વ્યક્તિઓએ આવી પડેલી મુશ્કેલીઓમાં હિંમત અને વિશ્વાસ રાખી, સફળતા મેળવી, તેમ આજે આપણે સહુ પણ નક્કી કરીએ કે, નાસીપાસ કે નિરાશ થયા વગર આનંદ-ઉલ્લાસથી આખું વર્ષ ભણીશું. બરાબર ને ?
રિસેસનો બેલ વાગ્યો અને છોકરાઓ બહાર દોડ્યા. ક્લાસમાં હવે ફક્ત ટીચર અને અંશ હતા.
એક બીજું નામ મેં ના લીધું કેમકે એ એટલું મોટું નામ નથી.
અંશ કંઈક બોલવા ગયો.
મારું... મને પણ અક્ષરો વાંચવામાં તકલીફ પડતી. પણ જો, આજે જેવો છું એવો તારી સામે જ છું. નોટ બેડ, રાઈટ ?
ટીચર, તમને ક્યાંથી ખબર કે મને...
બધા વિદ્યાર્થીઓના ગયા વર્ષની પરીક્ષાના પેપર્સ જોયા. સૌથી વધુ ભૂલો તારા જવાબોમાં હતી. મને મારો ભૂતકાળ દેખાયો. મારા જેવી જ મૂંઝવણો અને ગોટાળા... મને થયું કે "ચાલ, મારા બાળપણ સાથે વાત કરું."


બંનેની આંખો છલકાઈ ગઈ.
તે દિવસ પછી અંશે પાછળ વળીને જોયું નહીં અને ટીચરની હૂંફ અને પૂર્ણ વિશ્વાસ સાથે ખૂબ મહેનત કરી.
થોડા વર્ષો બાદ...
EL COMES Y
કલાક્ષેત્રમાં યોગદાન બદલના આ સમ્માનને હું મારા ટીચરને સમર્પિત કરું છું. એમણે જ મને મારી ઓળખાણ કરાવી. મને ઈન્ફિરિયારિટી કોમ્પલેક્સમાંથી બહાર કાઢી, મારી આંતરિક શક્તિઓ ખીલવી છે.
S YOU
ખામીઓ બધામાં હોય છે અને ખૂબીઓ પણ. જો અંદરની ખૂબીઓને ઓળખીએ નહીં તો આપણી સાથે આપણી ખૂબીઓ ડૂબી જશે. જે લોકો ઈન્ફિરિયારિટી કોમ્પલક્સને હરાવી, ઊભરી શક્યા છે એવા પ્રેરણા સ્વરૂપ લોકોને મારી સલામ.
તાળીઓના ગડગડાટ સાથે હોલમાં સહુ ઊભા થઈ ગયા. ટીચરના હાથમાં ટ્રોફી આપી, અંશે એમના ચરણ સ્પર્શ કર્યા.

# બંને કોમ્પ્લેક્સિટીના લક્ષણો

## સૂપીરિયારિટી

૧. હું કંઈક છું માને.

૨. પોતાનું ચલણ ચલાવે.

૩. નિર્ભય હોય.

૪. સામે એટેક કરે.

૫. વાતવાતમાં ઊછળે.

૬. માની હોય.

૭. અગ્રેસિવ હોય.

૮. નિર્ણયો ફાસ્ટ લે.

૯. તરત સ્પર્ધામાં ઉતરે.

૧૦. જીવનમાં સફળ થાય.



## ઈન્ફીરિયારિટી

૧. હું બધાથી નાનો છું માને.

૨. ભોગવટામાં જ રહ્યા કરે.

૩. ભયવાળો હોય.

૪. પોતાની સેફસાઈડ ખોળે.

૫. ક્યારેક ઊછળે પણ ભારે ઊછળે.

૬. અપમાનનો ભય હોય.

૭. ડિપ્રેસિવ હોય.

૮. નિર્ણયો લેવામાં ડગુમગુ થયા કરે.

૯. સ્પર્ધામાં ન ઉતરે.

૧૦. જીવનમાં આગળ આવે જ નહીં.



**ચાર્લ્સ સ્કવોબ** મોટી સ્ટીલ કંપનીના મેનેજર હતા. લાખો ડોલરની એમની વાર્ષિક કમાણી હતી. આટલો મોટો પગાર એમને શા માટે મળતો હતો ? એનું કારણ એ હતું કે એમને માનવસબંધો સાચવતા અને વિકસાવતા બહુ સારી રીતે આવડતું હતું. ઊંચા હોદ્દા પર હોવા છતાંય, એમને કોઈ સુપીરીયારીટીનો ફાંકો નહોતો.

એક દિવસ, બપોરના સમયે, ચાર્લ્સ એની સ્ટીલ મિલમાં કામ કરી રહ્યા હતા. એમની નજર થોડા યુવાનો તરફ ગઈ. તેઓ 'નો સ્મોકીંગ' ના બોર્ડની નજીક ઊભા રહી સિગારેટ ફૂંકતા હતા.

પોતાની સુપીરીયારીટી અને સત્તાનો ફાયદો ઊઠાવી, ચાર્લ્સ એ યુવાનોને કહી શક્યા હોત કે, "તમે બોર્ડ વાંચી શકતા નથી ?"

પરંતુ ના, એમણે એવું કશું જ કહ્યું નહીં. એમણે પેલા યુવાનો સાથે થોડીક મૈત્રીભરી વાતચીત કરી. ધૂમ્રપાનની મનાઈ હતી તે જગ્યાએ તેઓ ધૂમ્રપાન કરી રહ્યા હતા. એનો ઉલ્લેખ સુધ્ધાં ન કર્યો. છૂટાં પડતા હસતાં હસતાં ચાર્લ્સે કહ્યું, 'દોસ્તો, સિગરેટ અહીંયા ન પીવો તો મને વધારે ગમશે.'


બસ. ચાર્લ્સે આટલું જ કહ્યું અને યુવાનો સમજી ગયા કે એમણે સ્ટીલ મિલનો કાયદો તોડયો છે. તેઓએ તરત જ સિગરેટ ફેંકી દીધી.

યુવાનોને ચાર્લ્સ માટે ઘણો આદર થયો. નરમાશથી કેવી રીતે વ્યવહાર કરવો તે એમને શીખવા મળ્યું.

૧

# જીવંત ઉદાહરણ





# મહાત્મા ગાંધીજી

ભારતીય પ્રજાની નાડ પારખી ગયા હતા. લોકોને એકત્રિત કરવાની, સૌનો સહકાર પ્રાપ્ત કરવાની અને દરેકની શક્તિ અને આવડતને પિછાણી એનો યોગ્ય ઉપયોગ કરવાની એમનામાં અસાધારણ આવડત હતી.

એમના નેતૃત્વ નીચે બધા એક જ ધ્યેય માટે સર્વસ્વ છોડી સંગ્રામમાં ઝંપલાવવા તૈયાર થયા હતા. એમાં એક હતા ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ.

એક વખત એવું બન્યું કે ડૉ. રાજેન્દ્રપ્રસાદના એક નિકટના અને જૂના સહકાર્યકર્તાએ એમને માઠા શબ્દો કહ્યા. ડૉ. રાજેન્દ્રપ્રસાદ માટે આ અપમાન અસહ્ય હતું. તેઓ મહાત્મા ગાંધીજી પાસે ગયા, અને એમની આગળ પોતાના રાજીનામાનો પત્ર મૂક્યો.

'કોઈપણ સ્વમાની વ્યક્તિ આ સંજાગોમાં તમે જે કરવા ઈચ્છો છો તેવું જ કરે.' ગાંધીજીએ શાંતિથી ડૉ. રાજેન્દ્રબાબુને કહ્યું, 'હું તમારી સ્થિતિ સમજુ છું પણ મારે તમને એક બીજી બાજુ બતાવવાની છે. મારે તમને કંઈક વિશેષ કહેવાનું છે.'

'બાપુ. એ શું છે?'

'મારા જે બધા સહકાર્યકર્તાઓ છે, તેમાં એક જ વ્યક્તિ એવી છે જે ઝેરનો કટોરો પીવાને સમર્થ છે. માનવજાતના કલ્યાણ માટે દેવાધિદેવ શંકરે વિષપાન કર્યું હતું. મારા એ સાથી રાજેન્દ્રબાબુ, તમે છો.' ગાંધીજીના શબ્દો સાંભળી રાજેન્દ્રબાબુએ રાજીનામાનો પત્ર ફાડી નાખ્યો હતો.

અને આમ કોઈની સુપીરીયારીટીના અહંકારથી ઘવાયેલા રાજેન્દ્રબાબુને, ગાંધીજીએ સ્નેહ અને સમજણથી બહાર કાઢ્યા.

સહુના સુપીરીયર હોવા છતાંય, ગાંધીજીમાં કિંચિતમાત્ર પણ સુપીરીયારીટીનો અહંકાર નહોતો. અને તેથી જ એમના વ્યક્તિત્વમાં ચુંબકત્વ હતું.

# મીઠી યાદેં



ઈ.સ. ૧૯૯૭ની વાત છે. નીરુમાનો સત્સંગ મુંબઈમાં નાલાસોપારા વિસ્તારમાં યોજાયેલો હતો.

નીરુમાને સત્સંગ સ્થળે લઈ જવાની સેવા, એક આપ્તપુત્રે, એક ભાઈને સોંપી. આપ્તપુત્રે એ ભાઈને બપોરે લગભગ સાડા ત્રણ વાગે નીરુમાને લઈને આવવાની સૂચના આપી.

બીજા દિવસે પેલા ભાઈને ઓફિસમાં ખૂબ કામ આવી ગયું અને તેઓ નીરુમાને લેવા ના જઈ શક્યા. અપમાનના ભયથી આ વાત એમણે આપ્તપુત્રને જણાવી પણ નહીં.

સાંજના લગભગ સવા સાતે પેલા ભાઈ નાલાસોપારા સત્સંગમાં પહોંચ્યા. નીરુમાનો સત્સંગ ચાલુ થઈ ગયો હતો.

થોડીવાર રહીને, આપ્તપુત્ર પેલા ભાઈ પાસે આવીને બેઠા.

આપ્તપુત્રે ભાઈને પૂછ્યું, "કેટલા વાગે આવ્યો?"

ભાઈએ કહ્યું, "લગભગ સાત સવા સાત."

આ સાંભળી, પેલા આપ્તપુત્રને આંચકો લાગ્યો. એમણે પૂછ્યું, "તો પછી, નીરુમા કોની સાથે આવ્યા ?"

ભાઈએ પૂછ્યું, "તમે લઈને આવ્યા હશો ને?"

આપ્તપુત્રે કહ્યું, "પણ હું તો તારા આવ્યા બાદ આવ્યો."

આ સાંભળી, પેલા ભાઈને અંદર સખત ગભરામણ થઈ, "તો પછી, નીરુમા સત્સંગમાં કોની સાથે આવ્યા હશે ?"

સત્સંગ પૂરો થઈ ગયા પછી ખબર પડી કે નીરુમા એકલા ટ્રેનમાં આવ્યા હતા. બોમ્બેની ભરચક ટ્રેનમાં ઊભા ઊભા નીરુમા સત્સંગ સ્થળે પહોંચ્યા હતા.

સત્સંગ પૂરો થયો એટલે નીરુમાએ તરત જ આપ્તપુત્રને બોલાવીને કહ્યું, "એ ભાઈને એક શબ્દ પણ કહેવાનો નથી." નીરુમા સહુની પ્રકૃતિથી પરિચિત હતા. આપ્તપુત્રની પ્રકૃતિ સ્ટ્રોંગ હતી અને પેલા ભાઈની નરમ.

નીરુમાને આટલું કષ્ટ પડ્યું, એ જાણીને જો આપ્તપુત્રે પેલા ભાઈને ખખડાવી નાખ્યા હોત, તો એ ભાઈનો અહંકાર સાવ ભગ્ન થઈ જાત. એ ભાઈ ભાંગી ના પડે એ રીતે નીરુમાએ આખી પરિસ્થિતિ સાચવી લીધી.

**જ્ઞાનીની કેવી અદ્ભુત એડજેસ્ટમેન્ટ કળા. પોતાનો કિંચિત્‌માત્ર પણ વિચાર કર્યા વગર, સહુનું પ્રેમથી જતન કરતા.**

Akram Express
December 2017
Year : 10, Issue : 4
Conti. Issue No.: 112

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Merry Christmas



# અડાલજ જ્ઞાનમંદિર (ગુરુકુળ) માં ધો. ૬,૭,૮ માં પ્રવેશ મેળવવા માટે



જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાન થકી પોતાના દીકરાઓમાં સંસ્કાર સિંચન થાય તેવું ઈચ્છતા માતા-પિતાઓએ પોતાના દીકરાના ઈન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ)માં તા.૩૧ જાન્યુઆરી - ૨૦૧૮ સુધીમાં ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફક્ત ધો. ૬,૭ અને ૮ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે જ થશે. વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.

સમય : સવારે - ૧૦.૦૦ થી ૧૨.૩૦ તથા
બપોર - ૩.૦૦ થી ૬.૩૦

ફોન - (૦૭૯) ૩૯૮૩૦૦૩૨,
મો. - ૯૯૨૪૩૪૪૪૮૧.

<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.